# श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी, वेरावलम्

## सत्रान्तपरीक्षा–दिसम्बर– २०१८

કક્ષા : શાસ્ત્રી–1 (Sem-1) પેપર નં.: 03 કુલ ગુણ : 70

વિષય : ગુજરાતી કોડ નં. GE-111 (NEW) સમય : 02:00 થી 5:00

તારીખ : ૧૭/૧૨/૨૦૧૮ સંદર્ભગ્રંથ :'નરસિંહ મહેતાના પદો'–(મધ્યકાલીન પદ્યકૃતિ)

---

**પ્રશ્ન–૧** મધ્યકાલીન પદકવિ તરીકે નરસિંહ મહેતાનું મૂલ્યાંકન કરો. **૧૪**

અથવા

પદ–સાહિત્ય સ્વરૂપનો ઉદ્ભવ–વિકાસની ચર્ચા કરો.

**પ્રશ્ન–૨** 'આત્મવૃત્ત પદો' ના આધારે નરસિંહ મહેતાના જીવન પ્રસંગો વર્ણવો. **૧૪**

અથવા

'જળકમળ છાંડી જા રે, બાળા ! સ્વામી અમારો જાગશે !'–પદનું મૂલ્યાંકન કરો.

**પ્રશ્ન–૩** 'ગોપી ભકિત'ના પદોની પ્રેમલક્ષણા ભકિત વર્ણવો. **૧૪**

અથવા

'ઘડપણ કોણે મોકલ્યું ?' – પદમાં વ્યકત થયેલા વૃદ્ધત્વના સ્વરૂપનું આલેખન કરો.

**પ્રશ્ન–૪** **(અ) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **૦૫**

(૧) અભિપ્રાય (૨) ખાનદાન (૩) લાજ

(૪) રૂધિર (૫) કોલાહલ

**(બ) નીચેના શબ્દોના વિરૂદ્ધાર્થી શબ્દો લખો.** **૦૫**

(૧) તટસ્થ (૨) એક (૩) લઘુમતિ

(૪) સાર્થક (૫) સંયોગ

**(ક) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.** **૦૪**

(૧) ખેતરમાં ભાથુ લઈને જનારી સ્ત્રી.

(૨) કવિઓનું સંમેલન.

(૩) હાથે લખેલી કોઈ લખાણની મૂળપ્રત.

(૪) પચ્ચીસ વર્ષ પૂરાં થતાં ઉજવાતો ઉત્સવ.

**પ્રશ્ન–૫ નીચે આપેલા પ્રશ્નોના સાચા ઉત્તર વિકલ્પમાંથી પસંદ કરીને લખો.** **૧૪**

(૧) કયા ગુજરાતી કવિને 'આદિકવિ'નું બિરૂદ આપવામાં આવ્યું છે ?
(અ) ભાલણ (બ) નરસિંહ મહેતા
(ક) પ્રેમાનંદ (ડ) દયારામ

(૨) પદકવિ તરીકે ઓળખાતા કવિ કોણ છે ?
(અ) પ્રેમાનંદ (બ) ભાલણ (ક) ધીરો ભગત (ડ) વલ્લભ મેવાડો

(૩) 'નરસિંહ મહેતાનાં પદો' કાવ્ય સંગ્રહના સંપાદક કોણ છે ?
(અ) અનંતમગનરાય રાવળ (બ) અનંતરાય રાવળ
(ક) અનંતશ્રી રાવળ (ડ) અનંતરામ રાવળ

(૪) 'નરસિંહ મહેતાના પદો' કાવ્યસંગ્રહમાં અભ્યાસકૃત કેટલા કાવ્યોનો સમાવેશ થયો છે ?
(અ) વીસ (બ) ત્રીસ (ક) ચાલીસ (ડ) સાઈઠ

(૫) 'નરસિંહ મહેતાના પદો' કાવ્યસંગ્રહમાં કુલ કેટલાં કાવ્યો છે ?
(અ) પચ્ચાસ (બ) સાઈઠ (ક) ચાલીસ (ડ) ત્રીસ

(૬) નરસિંહ મહેતાની પુત્રીનું નામ શું હતું ?
(અ) કુંવરબાઈ (બ) માણેકબાઈ
(ક) પુતળીબાઈ (ડ) ત્રણમાંથી એકપણ નહિં

(૭) નરસિંહ મહેતાની પદરચના કયા નામે ઓળખાય છે ?
(અ) છપ્પા (બ) પ્રભાતિયા
(ક) આખ્યાન–રચના (ડ) ગરબી–ગરબા

(૮) 'મરમ–વચન કહ્યાં ભાભીએ' – આ પદ કયા વિભાગનું છે ?
(અ) કૃષ્ણ–બાળલીલા (બ) રાસ–લીલા
(ક) ત વદર્શન (ડ) આત્મવૃત્ત

(૯) 'ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી' – આ પદ કયા વિભાગનું છે ?
(અ) આત્મવૃત્ત (બ) રાસ–લીલા (ક) ભકિત–બોધ (ડ) ત વદર્શન

(૧૦) 'ભૂતળ–ભકિત પદારથ મોટું ' – આ પદ કયા વિભાગનું છે ?
(અ) આત્મવૃત્ત (બ) ગોપી–ભકત (ક) રાસ–લીલા (ડ) ભકિતબોધ

(૧૧) 'વૈષ્ણવજન તો તેને કહીએ' – આ પદ કયા વિભાગનું છે ?
(અ) કૃષ્ણ–બાળલીલા (બ) આત્મવૃત્ત
(ક) ગોપી–ભકત (ડ) ભકિતબોધ

(૧૨) ' અવાજ ' શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો ?
(અ) ધ્વનિ (બ) નાદ (ક) નિનાદ (ડ) આપેલ તમામ

(૧૩) '' સ્થાવર '' શબ્દનો વિરોધી શબ્દ જણાવો ?
(અ) વામન (બ) સર્વત્ર (ક) વિના (ડ) જંગમ

(૧૪) ' રાત કે દિવસના ત્રણ કલાકનો સમૂહ' શબ્દસમૂહ માટે એક શબ્દ જણાવો ?
(અ) ચોઘડિયું (બ) નક્ષત્ર
(ક) પહોર (ડ) ત્રણમાંથી એકપણ નહિં.

***